## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




તમે કહો તેમ કરીશું બસ... હવે જાવ ખેતી કરવા માંડો...!!!




કોરોનાના કેસોમાં દિવાળી બાદ થોડોક ઉછાળો આવતા વેક્સીન લેવા બાબતે વસાહતીઓમાં ચિંતા જોવા મળી રહી છે. સેક્ટર-૫-એ માં યોજવામાં આવેલા વેક્સીન કેમ્પમાં વસાહતીઓ ઉલ્લાસભેર જોડાયા હતા. વસાહતીઓએ વેક્સીનનો પ્રથમ અને બીજો ડોઝ લીધો હતો. સેક્ટર-૨ ના અર્બન હેલ્થ સેન્ટર ખાતે પણ રસી લેવા માટે વસાહતીઓ મોટી સંખ્યામાં જોવા મળ્યા હતા. અહીં ટેસ્ટીંગની કામગીરી પણ ઝડપી બનાવાઈ છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર મહાનગરપાલિકાને આજે રાષ્ટ્રપતિશ્રીના હસ્તે સ્વચ્છતા સર્વેક્ષણને લઈ એવોર્ડથી સન્માનિત કરવામાં આવશે.
- ઉત્તર ગુજરાતના જાણીતા શિક્ષણવિદ્ દાઉદભાઈ ઘાંચીના અભિવાદન ગ્રંથ ''શિક્ષણ વિકાસના ધ્રુવ તારક''નું વિમોચન ઉ.ગુ. યુનિ.ના પૂર્વ કુલપતિ કુલીનચંદ્ર યાજ્ઞિક ૨૪મીએ કરશે.
- આત્મનિર્ભર ગ્રામયાત્રાની સાથે સાથે બે દિવસમાં ૧૧ બેઠકોના વિસ્તારમાં ૧૧ પશુ સારવાર કેમ્પોનું આયોજન તંત્ર દ્વારા કરવામાં આવ્યુ હતુ.
- ગાંધીનગર શહેરમાં આજે દિવસ દરમ્યાન આકાશ વાદળછાયુ રહ્યુ હતુ તેમજ પવનના સુસવાટાઓથી વાતાવરણમાં ઠંડક જણાતી હતી.
- અરવલ્લી જિલ્લાના મોડાસામાં રહેતી નવ વર્ષની વિશ્વા હિતેન્દ્રસિંહ કુંપાવત નામની બાળકીએ કેન્સર પિડિત દર્દીઓને પોતાના વાળ દાનમાં આપ્યા છે.
- જિલ્લાતંત્રમાં આજે ત્રીજો શનિવાર હોવાથી આખો દિવસ મિટીંગ્સ ડે રહેશે.
- ગાંધીનગર એસ.પી. ઓફિસ ખાતે પોલીસ પરિવારો માટે યોજાયેલ નિરામય કેમ્પમાં ૨૨૫ દર્દીઓ આવ્યા હતા. જેમાં ૧૬ ને ડાયાબીટીસ અને ૩૮ ને હાયપર ટેન્શન જણાયુ હતુ. તંત્રએ ૭૭ જેટલા લોહીના નમૂના મેળવી પરીક્ષણ માટે મોકલ્યા છે.
- સરઢવના વતની અને ગુજરાત ક્રિકેટ એસો.ના સહમંત્રી અનિલ પટેલની દ. આફ્રિકા જનાર ઈન્ડિયા-એ ટીમના મેનેજર તરીકે પસંદગી થતાં ગામમાં ખુશીનો માહોલ છવાયો છે.
- કલોલમાં તાલુકાના પોલીસ કર્મયોગીઓ માટે નિરામય નિદાન કેમ્પમાં ૬૨૫ થી વધુ દર્દીઓ નોંધાયાનું જિલ્લા આરોગ્યતંત્રએ જણાવ્યુ છે.

# ચિલોડા ખાતે તુલસીવિવાહની પરંપરા મુજબ ભાવપૂર્વક ઉજવણી



ગાંધીનગર, તા. ૧૯
દેવઉઠી ઉગિયારસ નિમિત્તે દર વર્ષની પરંપરા મુજબ ચિલોડા મોટા ખાતે ભાવપૂર્વક તુલસીવિવાહ ધામધૂમથી ઉજવાયો હતો. જેમાં તુલસીમાતાના માતા-પિતા તરીકે જયમીનભાઈ અને આશાબેન પટેલ તથા ભગવાન કાનજીના માતા-પિતા તરીકે યોગેશભાઈ એસ. પટેલ રહ્યા હતા. તુલસીમાતાના મામા-મામી તરીકે જાખોરા ગામ દ્વારા મામેરૂ લાવવામાં આવ્યું હતું. તુલસીવિવાહના પ્રસંગે વરઘોડો, મામેરૂ, જાન, લગ્નગીતો, લગ્ન મંડપ, પૂજાવિધિ, મહાપ્રસાદનું સુંદર આયોજન કર્યુ હતુ. આ સમગ્ર પૂજાવિધિ શાસ્ત્રીજી રાજેન્દ્ર રાવલે કરી હતી. આ તુલસીવિવાહનો મોટી સંખ્યામાં લાભ લઈ સૌએ ધન્યતા અનુભવી હતી.

# આજે સાયન્સ સિટી ખાતે વિશ્વ બાળ દિવસ ઉજવાશે

ગાંધીનગર, તા.૧૯
વિશ્વભરમાં તા.૨૦મી નવેમ્બરને 'વિશ્વ બાળ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. ગાંધીનગર નજીકના સરદાર પટેલ રીંગ રોડ પરની ગુજરાત સાયન્સ સિટી ખાતે એલિક્ષીર ફાઉન્ડેશન દ્વારા યુનિસેફ, યુવાહ અને ગુજરાત યૂથ ફોરમના સંયુક્ત ઉપક્રમે સવારે ૧૦.૩૦થી સાંજે ૫.૩૦ દરમિયાન વિશ્વ બાળ દિવસની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે.

વિશ્વ બાળ દિવસ માટે આ વર્ષની ઉજવણીની થીમ ''ઈન્વેસ્ટિંગ ઈન અવર ફ્યુચર મિન્સ ઈન્વેસ્ટિંગ ઈન અવર ચિલ્ડ્રન'' એટલે કે ''આપણા ભવિષ્યમાં રોકાણ કરવું એટલે આપણા બાળકોમાં રોકાણ કરવું'' રાખવામાં આવી છે. આ ઉજવણીનો હેતુ હકારાત્મક પરિવર્તન લાવવા સક્ષમ બને તે રીતે બાળકોને શિક્ષિત અને મજબૂત કરવાનો છે. ઉજવણીમાં પેનલ ડિસકાશન, ઈન્ટરએક્ટિવ સેશન્સ, હેંડ્સ ઓન વર્કશોપ અને વર્લ્ડ સાયન્સ સિટીના અદભૂત આકર્ષણોની સફરનો પણ સમાવેશ છે. ભાગ લેનાર બાળકો સાથે સરકારી વિભાગ તથા યુનિસેફના મહાનુભાવો, યુવા અગ્રણીઓ અને સંસ્થાના ઉચ્ચ અધિકારીઓ તથા અગ્રણીઓ પણ આ ઉજવણીમાં જોડાશે. વિશ્વ બાળ દિવસ આંતરરાષ્ટ્રીય એકતા, વિશ્વભરના બાળકોમાં જાગૃતિ, અને બાળકોના કલ્યાણ માટે ઉત્સાહને પ્રોત્સાહન આપે છે.

# ત્રણેય કૃષિ કાયદાથી નાના-મધ્યમ કિસાનોને વધુ લાભ થાત : કિસાન સંઘ

## જો કે બિન જરૂરી વિવાદ ટાળવા સરકારનો નિર્ણય યોગ્ય લેખાવતું કિસાન સંઘ

ગાંધીનગર, તા. ૧૯
''ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ત્રણેય કૃષિ કાયદા પરત લેવાનો નિર્ણય બિનજરૂરી વિવાદ ટાળવાના સંદર્ભમાં બરાબર છે. આ કહેવાતા કિસાનોની હઠધર્મિતાના કારણે કિસાનોનું લાંબા ગાળે નુકસાન કરવા વાળો જ છે. આ કાયદાઓમાં સુધારો કરવાથી કિસાનોને ખાસ કરીને નાના-મધ્યમ કિસાનોને વધુ લાભ થાત'' તે પ્રકારની પ્રતિક્રિયા ભારતીય કિસાન સંઘના ગુજરાત પ્રદેશના અધ્યક્ષ વિઠ્ઠલભાઈ દૂધાત્રા તથા પ્રદેશ મહામંત્રી બી.કે. પટેલની અખબારી યાદીમાં જણાવાઈ છે. તેમણે જણાવ્યું છું કે ''વડાપ્રધાને એમએસપીને વધુ અસરકારક કરવાની વાત કરી છે અને તેના માટે એક સમિતિ બનાવવાનો પણ ઉલ્લેખ કર્યો છે. જેને ભારતીય કિસાન સંઘ આવકારે છે તેમજ તેમાં દેશના બિનરાજકીય સંગઠનોનું પ્રતિનિધિત્વ રહે તે માટે આગ્રહ કરે છે. કિસાનસંઘે કિસાનોનું બજારમાં થતું શોષણ મુખ્ય સમસ્યા હોવાનું જણાવતા પડતર કિંમતના આધાર પર લાભકારી મૂલ્ય 'નફા સાથેના ભાવનો કાયદો બનાવી ગેરંટી આપવાની જરૂર હોવાનું વ્યક્ત કર્યુ છે.

## વી આર 'ડિફરન્ટ' બટ, વી આર વન..!!

આજકાલ સોશિયલ મિડીયાને ખૂબ વગોળવામાં આવી રહ્યું છે, એના પર માનવીને માનવીથી દૂર કરવાના આરોપ લાગી રહ્યાં છે પરંતુ હકીકતમાં જો તેનો યોગ્ય પોઝિટવ ઉપયોગ કરવામાં આવે તો તે જ સોશિયલ મિડીયા મનગમતા મિત્રોને સાથે લાવવામાં તો મદદરૂપ બની શકે છે પરંતુ તેમની સાથે મનગમતી પ્રવૃતિ કરવાની તક પણ પુરી પાડી શકે છે. આ બાબતનું ઉદાહરણ શહેરની કેટલીક સંપન્ન મહિલાઓના ''વી આર વન લેડીઝ'' ગૃપે પુરૂ પાડ્યું છે. આ ગૃપની મહિલાઓ આમ તો અલગ અલગ ક્ષેત્રમાં કાર્યરત છે પરંતુ તેઓએ સાથે મળીને એકબીજા સાથે પોતાના ક્ષેત્રની વાત કે સુખ-દુઃખની વાત કરી શકે તેમજ અન્યને મદદરૂપ થઈ શકે તે હેતુથી દેવ દિવાળીના દિવસે તેમની મનગમતી પ્રવૃતિઓ જેવી કે ફેશન શૉ, કેટ વૉક, મ્યુઝિક-ડાન્સ તેમજ ફિલ્મી ગીતો ગાવા સાથે આનંદ કરવો વગેરેને મનભરીને માણી હતી.



# સે-૫ યોગ પરિવારે ગીરનાર પરિક્રમાના યાત્રિકોનું સન્માન કર્યુ

ગાંધીનગર, તા.૧૯
ગાંધીનગરના સેકટર-૫ યોગ પરિવાર દ્વારા જુનાગઢ ખાતે ગીરનાર પરિક્રમા કરનાર સિનિયર સિટીઝન્સ યાત્રિકો વાસુદેવભાઈ સુથાર તેમજ ગોવિંદભાઈ પટેલનો વહેલી સવારે યોગ દરમ્યાન સન્માન સમારંભ યોજવામાં આવ્યો હતો. આ સાથે યોગ પરિવારના સભ્ય તેમજ સે.૫ વસાહત મંડળના ઉપપ્રમુખ મુળસિંહ ચાવડાના જન્મદિવસની પણ ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં વોર્ડ નં.૮ના કોર્પોરેટર અને મનપાની સ્ટેન્ડીંગ કમિટીના સભ્ય રાજેશભાઈ પટેલ આમંત્રિત મહેમાન મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યાં હતા અને તેમણે મુળસિંહ ચાવડાને પુષ્પગુચ્છ આપી શુભેચ્છાઓ પાઠવી હતી. આ સાથે વાસુદેવભાઈ સુથાર અને ગોવિંદભાઈ પટેલને જુનાગઢ યાત્રા અને પરિક્રમા સફળ કરવા બદલ સેકટર-૫ વસાહત મહામંડળના પ્રમુખ કેશરીસિંહ બિહોલાએ ખેસ પહેરાવી જાહેર સન્માનિત કર્યા હતા અને પ્રાસંગિક ઉદબોધન કરી શુભેચ્છાઓ પાઠવી હતી. કાર્યક્રમનું યોગી સભ્યો સુરેન્દ્રસિંહ વાઘેલા, વિનોદભાઈ ભટ્ટ, જગદીશભાઈ પટેલ, પ્રો. નટુભાઈ પટેલ, આર જી દવે, પી વી જેઠવા, બાબુભાઈ પ્રજાપતિ વગેરેએ સફળ આયોજન કર્યુ હતું. આ પ્રસંગે વસાહત મંડળના સભ્યો ઘનશ્યામસિંહ ગોલ, કાનજીભાઈ દેસાઈ, મણિલાલ સોલંકી, જે એમ રાઠોડ તથા વસાહતી અગ્રણીઓ પણ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.



# ગિયોડ સ્થિત શક્તિપીઠ મીની અંબાજી મંદિરે દેવ દિવાળી નિમિત્તો અન્નકૂટ ધરાવાયો



ચિલોડા, તા. ૧૯
કારતક સુદ પુનમ દેવ દિવાળી નિમિત્તે ગાંધીનગર તાલુકાના ચિલોડા-હિંમતનગર હાઈવે રોડ પર આવેલુ સુપ્રસિદ્ધ ગિયોડ સ્થિત મીની અંબાજી મંદિરે શ્રદ્ધાપૂર્વક જગતજનની જગદંબા માતાજીને ૫૬ વાનગીનો અન્નકૂટ ધરાવાયો હતો. આ પવિત્ર દિવસે માતાજીના દર્શનાર્થે મોટી સંખ્યામાં માઈભક્તોએ દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

# કોબા પશુ દવાખાના પાસેથી દારૂ લે-વેચનો વેપાર કરતા ત્રણ શખ્સો ઝડપાયા

ગાંધીનગર, તા.૧૯
ગાંધીનગર કોબા ગામે પશુ દવાખાના પાસે દારૂ લે-વેચનો વેપાર કરતા ત્રણ શખ્સોને ઈન્ફોસીટી પોલીસે પકડી પાડ્યા છે. પોલીસે એકટીવા, દારૂ-બિયર તેમજ મોબાઈલ મળી કુલ રૂ. ૧.૪૭ લાખનો મુદ્દામાલ જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી છે.

ઈન્ફોસીટી પીઆઈ પી.પી.વાઘેલા પ્રોહીબીશન ડ્રાઈવ અંતર્ગત પેટ્રોલીંગ કરી રહી હતી. તે દરમિયાન કોબા પશુ દવાખાના પાસે એકટીવા સાથે ત્રણ યુવાનોની પ્રવૃતિ શંકાસ્પદ જણાતા તેઓને પકડીનો પુછપરછ કરવામાં આવતા અશોક ઈશ્વર રાવશ (ઉં.૨૧) તેનો ભાઈ પિયુષ (ઉં.૧૯ રહે, પીટીસી કોલેજ નવા કોબા) અને અરવિંદ રામાજી ઠાકોર (ઉં.૩૪ પશુ દવાખાના પાસે કોબા) હોવાનું કહ્યું હતું. પોલીસે નંબર વિનાના એકટીવાની ડેકી ચેક કરતા તેમાંથી બિયરના આઠ ટીન તેમજ એક દારૂની બોટલ મળી આવી હતી. ત્રણેય જણા દારૂની લે-વેચ માટે એકઠા થયા હોવાનું જાણવા મળ્યું હતું. જયારે પોલીસે દારુ-બિયર, એકટીવા, અને મોબાઈલ મળીને કુલ રૂ.૧.૪૭ લાખ નો મુદ્દામાલ કબ્જે કરી ત્રણ ઝણા સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# અડાલજ પ્રોહીબીશનના ગુનામાં નાસતો ફરતો આરોપી ઝડપાયો

ગાંધીનગર, તા.૧૯
અડાલજ પોલીસ મથકના પીઆઈ ડી.બી.વાળાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એમ.જે.શીંદે તેમજ સ્ટાફના કર્મચારીઓ પેટ્રોલીંગમા હતા. તે દરમિયાન બાતમી મળી હતી કે અડાલજ પોલીસ મથકમાં પ્રોહીના ગુનામાં નાસતો ફરતો આરોપી અનિલ ઉર્ફે તેલગુ રતિલાલ મરાઠી (ઉં.૨૨, રહે, મહાકાલ મંદિરની બાજુમાં ગુલશન પાર્ટી પ્લોટની પાછળ જી,વોર્ડ કુબેરનગર અમદાવાદ) હાલ ભાટ ગામના નાકે ઉભો રહ્યો છે. બાતમીને પગલે પોલીસે તાત્કાલીક સ્થળ પર પહોંચીને આરોપી અનિલ ઉર્ફે તેલગુ મરાઠીને પકડી પાડીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# શહેરના બ્યુટી પાર્લરોને લગ્નગાળો ફળ્યો

## ૧૦,૦૦૦ થી ૫૦,૦૦૦ સુધીના બ્રાઈડલ પેકેજના એડવાન્સ બુકિંગ

ગાંધીનગર, તા.૧૯
લગ્નસરાની સિઝનમાં બ્યુટી પાર્લર સેકટરમાં તેજીનો માહોલ જોવા મળી રહ્યો છે. નવેમ્બરથી ફેબ્રુઆરી મહિના સુધી લગ્નસરાની સિઝન હોવાથી એડવાન્સ બુકિંગ થઈ રહ્યા છે. બ્યુટી પાર્લર સંચાલકોએ ૧૦,૦૦૦ થી ૫૦,૦૦૦ સુધીના પેકેજ ઉપલબ્ધ કરાવ્યા છે. આ વર્ષે લગ્ન સિઝનમાં બ્યુટી પાર્લર સેકટરમાં તેજીનો માહોલ થવાથી સંચાલકોમાં આનંદ છવાયો છે.

શહેરના બ્યુટી પાર્લરોમાં એડવાન્સ બુકીંગ ચાલી રહ્યા છે. સતત બે વર્ષ બાદ મંદીનો માર સહન કરીને આ વર્ષે આ ધંધામાં તેજી છવાઈ રહી છે. બ્યુટી પાર્લરોમાં યુવતીઓનો ધસારો સવિશેષ જોવા મળી રહ્યો છે. બ્યુટી પાર્લરમાં ફેશિયલ, મેડિકયોર, પેડિકયોર, વેકસ, બોડી પોલિશીંગ વિગેરે અવનવી ટ્રીટમેન્ટ મહિલાઓ દ્વારા કરાવવામાં આવે છે. લગ્ન પ્રસંગ નિમિત્તે બ્રાઈડલ લુકનો ક્રેઝ સૌથી વધારે ચાલતો આવ્યો છે. બ્રાઈડલમાં ૧૫૦૦થી ૨૦૦૦ રૂપિયાના ફેશિયલ હોય છે. જેવી જેવી કંપનીના પ્રોડકટસનો ઉપયોગ કરવામાં આવે તેમ ભાવ નક્કી કરવામાં આવે છે. મોંઘી કંપનીની વસ્તુઓનો ઉપયોગ કરવામાં આવે તેવા ફેશિયલનો ક્રેઝ વધી રહ્યો છે. મહિલાઓ પોતાની સ્કીન કેર પ્રોડકટસમાં ખૂબ જ સભાનતા રાખે છે તેથી જેવી તેવી કંપનીની પ્રોડકટસનો ઉપયોગ દિવસેને દિવસે ઓછો થઈ રહ્યો છે.

લગ્નસારાની સિઝનમાં દુલ્હનો માટે બજેટ મુજબના મેકઅપના પેકેજ બ્યુટી પાર્લરના સંચાલકો દ્વારા તૈયાર કરાયા છે. સિમ્પલ મેકઅપથી લઈ એચડી મેકઅપ તથા મહેંદી રસમ માટેના અલગથી પેકેજ તૈયાર કરાયા છે. કોરોના મહામારી બાદ ઓછી સંખ્યામાં લગ્નપ્રસંગ માણવાની મંજૂરી મળવાથી મધ્યમવર્ગના પરિવારો પોતાનું બજેટ જાળવીને જ સમગ્ર તૈયારીઓ કરી રહ્યા છે. મોટા ભાગે કોરોના મહામારી પહેલાના સમયગાળામાં દુલ્હન સહિત દુલ્હનની બહેનો, માતા, ભાભી વિગેરે બ્યુટી પાર્લરવાળા તૈયાર કરવા આવે તેમાં જ સાથે સાથે તૈયાર થઈ જતા હતા પરંતુ વર્તમાન સમયમાં બજેટનો અનુલક્ષીને ચાલતા પરિવારમાં માત્ર દુલ્હન જ પાર્લરમાં તૈયાર થાય છે જયારે બાકીના પરિવારના સભ્યો જાતે જ સજીધજી જાય છે.

નવી પેઢીમાં મેક અપ કરવાનો ટ્રેન્ડ સૌથી વધારે જોવા મળી રહ્યો છે. જેમાં છોકરીઓ યુટયુબ દ્વારા મેકઅપ વિડિયો જોઈને જ એચડી મેકઅપ કરતા શીખી જાય છે અને તમામ મેકઅપની પ્રોડકટસ ઓનલાઈન મળી રહે છે તેથી લગ્નપ્રસંગે દુલ્હન સિવાય બાકીની બહેનો જાતે જ મેકઅપ કરીને સુંદર રીતે તૈયાર થઈ જાય છે. જેથી મેકઅપ કરવા માટે બ્યુટી પાર્લરનો સહારો લેવો પડતો નથી. લગ્નસરામાં મોટા મોટા પરિવારોમાં બજેટનો વધુ પ્રાવધાન્ય આપવામાં આવતું નથી. તેથી બ્યુટી પાર્લરમાં સમગ્ર પરિવારની બહેનો તૈયાર થાય છે. મોટા પરિવારો જેઓ દ્વારા પૈસા સામે વધારે જોવામાં આવતું નથી એટલે કે મોંઘા મોંઘા ખર્ચા ઉઠાવી શકે તેવા પરિવારો દ્વારા બ્યુટી પાર્લરોમાં સૌથી મોંઘા પેકેજના ઓર્ડર કરવામાં આવી રહ્યા છે. જેમાં ૧,૦૦,૦૦૦ થી ૧,૫૦,૦૦૦ સુધીના માત્ર બ્યુટી પાર્લરમાં તૈયાર થવાના પેકેજ છે. પાર્લરવાળી બહેનો દુલ્હનના ઘરે જઈને મહેંદીથી લઈ ફુલ બ્રાઈડલ લુકમાં દુલ્હનને તૈયાર કરે છે. પહેલના સમયમાં દુલ્હનને બ્યુટી પાલરમાં તૈયાર થવા જવું પડતું હતું નવા ટ્રેન્ડ સાથે સુવિધાઓ પણ વધી રહી છે સાથે તે મુજબના ભાવ પણ લેવાતા હોય છે.

ન્યુ ગાંધીનગર વિસ્તારમાં મુંબઈની ફેશન મુજબ બ્યુટી પાર્લરો ચાલી રહ્યા છે. હેર કટથી લઈ સ્પામાં નવા નવા ટ્રેન્ડ ચાલી રહ્યા છે. જેમાં યુવાવર્ગથી લઈ તમામ શોખીનો દ્વારા નવા ટ્રેન્ડને ફોલો કરવામાં આવી રહ્યો છે.



●●●

**મારા બ્યુટી પાર્લરમાં ૧૦,૦૦૦થી ૫૦,૦૦૦ રૂપિયા સુધીના લગ્નસરાના પેકેજ ચાલી રહ્યા છે. ૬ તારીખથી બ્રાઈડલ પેકેજના બુકિંગ શરૂ થઈ ગયા છે. દરરોજના બુકિંગ ફુલ થઈ ગયા છે. મેક અપ ઉપરાંત દુલ્હનના સેટ પણ રેન્ટ પર આપીએ છીએ. જેથી દુલ્હનને વેચાતા સેટની વ્યવસ્થા કે જહેમત ન ઉઠાવવી પડે.**

**- આર્ચી બ્યુટી પાર્લર, કુડાસણ**

●●●

**લગ્નપ્રસંગ નિમિત્તે ઘણા બધા ઓર્ડરો મળ્યા છે. જેમાં ૧૫,૦૦૦ થી ૩૫,૦૦૦ સુધીના બ્રાઈડલ પેકેજ વધારે ચાલી રહ્યા છે. ઉપરાંત નાની મોટી ટ્રીટમેન્ટ કરાવવા માટે પણ બુકીંગ ચાલી રહ્યા છે. બે વર્ષ બાદ અમારા બિઝનેસમાં દરરોજના બુકીંગ થઈ રહ્યા છે તેથી ખુશી થઈ રહી છે.**

**- નયના પટેલ (પ્રિન્સેસ બ્યુટી પાર્લર)**

# ચિલોડા ખાતે આત્મનિર્ભર ગ્રામ યાત્રા રથનું ઉષ્માભર્યું સ્વાગત કરાયું



ચિલોડા, તા. ૧૯
આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત સંદર્ભે રાજ્ય મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં તા. ૧૮ થી ૨૦ નવેમ્બર સુધી યોજાનારા ત્રિદિવસીય 'આત્મનિર્ભર ગ્રામયાત્રા રથ' કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો છે. આ અંતર્ગત ગાંધીનગર તાલુકાના પૂર્વ વિસ્તારમાં ૧૯મી નવેમ્બર દેવ દિવાળીના પાવન પર્વે ચંદ્રાલા, સાદરા, દશેલા, ઈસનપુર, મોટા, છાલા, મહુન્દ્રા, ગિયોડ, મગોડી, ચિલોડા(ડ), શિહોલીમોટી, આલમપુર વગેરે ગ્રામ્ય વિસ્તારમાં આત્મનિર્ભર ગ્રામયાત્રા રથનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. ચિલોડા ખાતે ગ્રામ પંચાયત કચેરી ખાતે ગામના અગ્રણીની ઉપસ્થિતિમાં ગ્રામયાત્રાનું બાલિકા અને ગામ આગેવાનો અને અધિકારીગણે ઉષ્માભર્યુ સ્વાગત કર્યુ હતુ. આ પ્રસંગે ગામની આંગણવાડી બહેનો દ્વારા વાનગી સ્પર્ધાનું આયોજન કર્યુ હતુ. સવારે ગ્રામસફાઈ કાર્યક્રમ યોજાયો હતો. આત્મનિર્ભર ગ્રામયાત્રા અંતર્ગત પ્રાંતિયા ગામની બહેનોને લાભાર્થી તરીકે સહાયના ચેકો અર્પણ કરવામાં આવ્યા હતાં જેમાં ચિલોડા અને પ્રાંતિયા ગામના એન.આર.એલ.એન.ના પ્રત્યેક જૂથના બહેનોને રીવોલવીંગ ફંડની પંદર હજાર રકમ ચૂકવવામાં આવી હતી.

આ પ્રસંગે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના માધ્યમ દ્વારા અરિહંત આર્ટ કોમ્યુનિકેશન સંસ્થાના કલાકાર દ્વારા મનરેગા, મિશન મંગલમ યોજના, ઉત્કર્ષ સહાય યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના, સ્વચ્છતા અંતર્ગત શપથ લેવડાવ્યા હતા. કલાકાર દ્વારા સુંદર માર્ગદર્શનરૂપે નાટક રજૂ કર્યુ હતુ.

આ યાત્રામાં ગામના અગ્રણી દિનેશભાઈ પટેલ, નટુભાઈ પટેલ-પત્રકાર, તલાટી કમ મંત્રી અનિતાબેન પટેલ સહિત રૂટ સુપરવાઈઝર પી.એ. સેનમા, ભરતદાન બી. ગઢવી એજ્યુકેશન ઈન્સ્પેકટર, સી.ડી.પી.ઓ. ઉર્વશીબેન પટેલ, ઘટક-૨, આઈ.સી.ડી.એસ.-૨ સુપરવાઈઝર ભાવનાબેન સાગર, વન વિભાગ શાખામાંથી કિંજલબેન ચૌધરી, પ્રા. શાળાના આચાર્ય હર્ષદભાઈ પટેલ, મંડળીના ચેરમેન જૈમિન પટેલ, મંત્રી જયંતિભાઈ પટેલ, ગ્રામ વિસ્તરણ અધિકારી, ગ્રામસેવક, આરોગ્યકર્મી, આંગણવાડી કર્મી, જગદીશભાઈ ગોહિલ વગેરે સહિત ગ્રામ આગેવાનો ઉપસ્થિત રહી યાત્રાનું ભાવભીનું વિધિવત સ્વાગત કર્યું હતું.